# જૈન બોર્ડીંગ સ્કુલો-જીર્ણોદ્ધારની જરૂરીયાત

છાત્રાલય એ સમાજની એક જરૂરિયાત છે. ખાસ કરીને સાધારણ અને મધ્યમ વર્ગનાં બાળકોને સાંસ્કારિક વાતાવરણમાં રહીને વ્યાવહારિક કેળવણી લેવાનું એક અગત્યનું સાધન છે. જો છાત્રાલયો ન હોય તો ગામડે-ગોઠડે રહેનારા પોતાનાં બાળકોને માધ્યમિક તથા ઉચ્ચ પ્રકારની કેળવણી કઇ રીતીએ આપી શકે ? ત્યાં હાઇસ્કૂલો કે કોલેજની સગવડ હોતી નથી. તે જ રીતે છાત્રવૃત્તિ પણ સમાજની એક જરૂરિયાત છે. તેનાથી સાધારણ તથા મધ્યમ સ્થિતિના વિદ્યાર્થીઓને પોતાનો વિદ્યાભ્યાસ પૂરો કરવાની સગવડ પ્રાપ્ત થાય છે અને ભવિષ્યમાં તેઓ પોતાનો તથા કુટુંબનો સારી રીતે નિર્વાહ કરી શકે છે; એટલું જ નહિ પણ તે એક સારો નાગરિક બનીને સમાજ, દેશ તથા ધર્મની સેવા પણ કરી શકે છે.

છાત્રાલય અને છાત્રવૃત્તિઓનું આ મહત્ત્વ પિછાનીને જ શ્રી સંઘે આજથી ૧૦૦ વર્ષ પહેલાં જૈનોને સ્થળે સ્થળે છાત્રાલયો સ્થાપવાની તથા શક્તિ મુજબ છાત્રવૃત્તિઓ આપવાની હાકલ કરી હતી અને ત્યાર પછી એ વાતનો પુનરૂચ્ચાર કરીને એક વિશિષ્ટ વાતાવરણ સર્જ્યું હતું, પરિણામે સમાજના દાનવીરો જાગૃત થયા હતા. અને તેમણે આ દિશામાં પોતાનાં દ્રવ્યનો સદ્‌વ્યય કરવા માંડ્યો હતો.

અમારી જાણમાં આજે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં ૭૦ થી ૭૫ જેટલાં છાત્રાલયો છે અને ૧૫ થી ૨૦ જેટલી છાત્રવૃત્તિઓ આપનારી સંસ્થાઓ છે. (અભ્યાસનાં પુસ્તકો તથા ફી આપનારી સંસ્થાઓની આમાં ગણના નથી.) પરંતુ ધંધા-રોજગારમાં મચ્યા રહેતા એક સામાન્ય મનુષ્યને આ છાત્રાલયો કે છાત્રવૃત્તિ આપનારી સંસ્થાઓની માહિતી હોતી નથી અને કદાચ હોય છે તો તે ઉપર ટપકેની હોય છે, એટલે કાર્યસાધક નીવડતી નથી. આથી છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ વિશે પ્રમાણભૂત માહિતી પૂરી પાડે એવી એક પુસ્તિકા પ્રકટ કરવી જોઇએ. જેમાં હજુ પણ જે સંસ્થાઓના નામ મળે તે ઉમેરવા જોઇએ.

સમાજની સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓની કેન્દ્રવર્તીસંસ્થા રચે અને સરકારી કેળવણી ખાતા મુજબ સંસ્થાઓના વિભાગો પાડી પદ્ધતિસરનું સંચાલન કરે તથા સરકારી કેળવણી ખાતા મુજબ એક 'ગ્રાન્ટ ઇન એઇડ' કોડ રચી સંસ્થાઓને તેમની કક્ષા મુજબ ગ્રાન્ટ આપે તો સુંદર કાર્ય થાય. 'ધાર્મિક અને વ્યવહારિક કેળવણીનો સુમેળ સધાય અને બને રીતે પ્રગતિ સધાય એવી યોજના જરૂરી છે. તેનો અમલ દરેક સંસ્થામાં ચોકસાઇથી થાય તો આજનો વિદ્યાર્થીસન્માર્ગે વળે અને આશાસ્પદ સુંદર સમાજ રચનામાં ફેરવાય.' સમાજને જાગૃત કરવાની જરૂર છે તથા આચાર્યો તથા મુનિભગવંતોએ પણ દેશકાળને ઓળખી તેમાં સાથઆપવો આવશ્યક છે.' દરેક આચાર્ય ભગવંત એક સંસ્થા દત્તક લઇ તેમાં જરૂરી સુધારા વધારા કરવા ભક્તોને પ્રેરણા કરે તો આ સંસ્થાઓ પાછી બેઠી થઇ શકશે.

અત્યારે સ્વામીનારાયણ સમુદાય દ્વારા ૧૧૪૮ રજવાડા જેવા મોટા ગુરૂકુળો ગુજરાતમાં ચાલે છે. જેમાં માત્ર જન્મે સ્વામીનારાયણ હોય તેવા જ બાળકોને પ્રવેશ મળે છે તેવુ નથી પણ કોઇપણ જ્ઞાતીના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. ૧૦ વરસ સુધી બાળક આવા ગુરૂકુળમાં રહી અભ્યાસ+સંસ્કાર મેળવે એટલે સ્વામીનારાયણ ધર્મ પાળતો થઇ જાય છે.

જૈન સંઘમાં એક અંદાજ મુજબ ૧૦ હજાર પરિવાર સાધર્મિક (આર્થીક સંકડામણ અનુભવતા) છે. તેઓના દીકરા દીકરીઓને દત્તક લઇ શિક્ષણ સાથે સંસ્કરણનું કાર્ય ગોઠવીએ તો ૧૦ વરસમાં ખાસ્સુ પરીવર્તન આવે એવી સંભાવના છે.

દરેક બોર્ડીંગમાં ચાર સાધુભગવંતોના ગ્રુપને વારાફરતા માસકલ્પ કરાવવાથી ધાર્મિક સંસ્કરણ પણ સારામાં સારૂ થાય.

આ અંગે ગુરૂભગવંતોએ વિચારણા કરવા વિનંતી છે. સકળશ્રી સંઘે પણ આ પાસાને ગંભીરતાથી ધ્યાનમાં લેવા જેવો છે.

ભારતમાં આવેલી જૈન બોર્ડીંગસ્કુલોનું એક લીસ્ટ આ સાથે આપની જાણ માટે મોકલેલ છે. કોઇ સંસ્થા રહી જતી હોય તો અમને જાણ કરશો.

# જૈન બોર્ડીંગ –સ્કુલો

### મુંબઈ વિભાગ

૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય
૨) શ્રી હી. ભો. એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય
૩) શ્રી ભાણભાઈ નેણશી મહિલા વિદ્યાલય
૪) શ્રી વીરજી લધાભાઈ કચ્છી જૈન વિદ્યાર્થીગૃહ
૫) માતુશ્રી ગોમીબાઈ રાયશી મેકા કચ્છ વિદ્યાર્થીગૃહ
૬) સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ
૭) શેઠ ગોકલભાઈ મૂળચંદ જૈન હોસ્ટેલ

### ગુજરાત વિભાગ

૮) શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલય – અમદાવાદ
૯) શેઠ ચીમનલાલ નગીનદાસ કન્યા છાત્રાલય – અમદાવાદ
૧૦) શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડીંગ – અમદાવાદ
૧૧) શ્રી બત્રીશી જૈન કો-ઓ-એજ્યુકેશન સોસાયટી લી. છાત્રાલય
૧૨) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થી ભવન –કડી
૧૩) શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય – પાટણ
૧૪) શ્રી વિશા–શ્રીમાળી ૧૦૮ના ગોળ ભવન–મહેસાણા
૧૫) શ્રી જૈન વિદ્યાલય–વીસનગર
૧૬) શ્રી બેંતાલીશના વીશાશ્રીમાળી છાત્રાલય – વીસનગર
૧૭) શ્રી પાલનપુર જૈન વિદ્યાલય – પાલનપુર
૧૮) શેઠ રતનશીભાઈ મુલચંદ જૈન બોર્ડીંગ–થરા
૧૯) શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય – બોડેલી
૨૦) શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલય–સુરત
૨૧) શ્રી રત્નસાગરજી જૈન બોર્ડીંગ–સુરત
૨૨) જૈન વનિતા વિશ્રામ – સુરત
૨૩) શેઠ દેવચંદ મોતીલાલ જૈન વિદ્યાલય – નવસારી
૨૪) શાહ અચ્છારીવાલા જૈન છાત્રાલય –બોરડી
૨૫) શ્રી બગવાડા એજ્યુકેશન સોસાયટી–બગવાડા
૨૬) શ્રી તપોવન સંસ્કાર ધામ – નવસારી
૨૭) શ્રી તપોવન સંસ્કારધામ અમીયાપુર – કોબા

### સૌરાષ્ટ્ર વિભાગ

૨૮) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ – પાલીતાણા
૨૯) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ – પાલીતાણા
૩૦) શ્રી જિનદત્ત સૂરીશ્વરજી જૈન બ્રહ્મચર્યાશ્રમ–પાલીતાણા
૩૧) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ–પાલીતાણા
૩૨) શ્રી દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહ–ભાવનગર
૩૩) શ્રી જૈન બાળ વિદ્યાર્થી ભવન – ભાવનગર
૩૪) શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ – મહુવા
૩૫) શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહ – તલાજા
૩૬) શ્રી મહાવીર જૈન ચારિત્રરત્નાશ્રમ–સોનગઢ
૩૭) મહેતા પાનાચંદ ઠાકરશી જૈન વિદ્યાર્થીભવન – સુરેન્દ્રનગર
૩૮) જૈન શ્વેતાંબર–મૂર્તિપૂજક વિદ્યાર્થીનગર–લીંબડી
૩૯) શેઠ પુરષોતમ સુરચંદભાઈ જૈન બોર્ડીંગ–ધ્રાંગધ્રા
૪૦) શ્રી જૈન વિદ્યાર્થી ભવન – બોટાદ
૪૧) શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ–સાવરકુંડલા
૪૨) શેઠ દેવકરણ મુળજી જૈન બોર્ડીંગ–ધોરાજી
૪૩) જૈન વિદ્યાર્થીગૃહ–અમરેલી
૪૪) શાહ જેસીંગભાઈ સુંદરજી જૈન છાત્રાલય–જામનગર
૪૫) શ્રી વીશા ઓશવાલ બોર્ડીંગ–જામનગર
૪૬) વીશા શ્રીમાળી વણિક જૈન બોર્ડીંગ–જામનગર
૪૭) શ્રી જૈન વિદ્યાર્થી ભુવન – જામનગર

### કચ્છ વિભાગ

૪૮) શ્રી વીસા–ઓશવાલ જૈન બોર્ડીંગ–ભચાઉ
૪૯) શ્રી ક.ઓ.જૈન બાલાશ્રમ – ડુમરા
૫૦) શ્રી નરશીનાથા કચ્છી જૈન બાલાશ્રમ – નલીયા
૫૧) શ્રીમતી પુનીબેન કરસનભાઈ જૈન કન્યા છાત્રાલય – લાકડીયા
૫૨) વર્ધમાન જૈન બોર્ડીંગ અને વિદ્યાલય – વલ્લભપુરી
૫૩) શ્રી જૈન બોર્ડીંગ–કટારીયા

### રાજસ્થાન વિભાગ

૫૪) શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય – વરકાણા
૫૫) શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ–ફાલના સ્ટેશન
૫૬) શ્રી વર્ધમાન જૈન બોર્ડીંગ હાઉસ – સુમેરપુર
૫૭) શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય – ઓસિયા
૫૮) શ્રી ફલોધિ પાર્શ્વનાથ વિદ્યાલય વ ઉદ્યોગમંદિર – મેડતા રોડ
૫૯) શ્રી કેસરીયાજી જૈન ગુરૂકુળ – ચિતોડગઢ

### મહારાષ્ટ્ર વિભાગ

૬૦) શ્રી નેમિનાથ જૈન બ્રહ્મચર્યાશ્રમ–ચાંદવડ
૬૧) શ્રી જૈન ઓસવાલ બોર્ડીંગ – નાસિક સીટી
૬૨) શ્રી મહારાષ્ટ્રીય જૈન વિદ્યાભવન – જુન્નેર
૬૩) જૈન વિદ્યાર્થી ભુવન – બારસી ટાઉન
૬૪) શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર બોર્ડીંગ–સાંગલી

### અન્ય વિભાગ

૬૫) સન્મતિ જૈનનિકેતન–વારાણસી
૬૬) શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાશ્રમ–વારાસણી
૬૭) શ્રી સંસ્કૃતિ સંરક્ષક છાત્રાલય, પોલાલ, રેડ હીલ્સ–મદ્રાસ
૬૮) વીરતત્ત્વ પ્રકાશક મંડળ–શિવપુરી

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## બોર્ડીંગમાં બાળકોને આપવામાં ખાદ્ય સામગ્રી નીચે મુજબ ગોઠવી શકાય

| | | |
|---|---|---|
| સોમવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – દુધ ૨૦૦ml<br>૨ ચણાના ખાખરા ઉપમા– ટોપરાની ચટણી કેળુ |
| | બપોરે જમવાના | રોટલી – દૂધી વટાણા – ચણા કઠોળ,<br>દાળ તુવેરની – ભાત – પાપડ – કાકડીનું કચુંબર વરીયાળી ચુંદો |
| | ૪ વાગે | સીંગ (૨૫ ગ્રામ) વરીયાળી સરબત વધુમાં વધુ ૪૦૦ml |
| | ચોવીહાર | ભાખરી–સેવ ટમાટા, ખીચડી કઢી, તીખી સેવ, પીંપરામુળ દુધ ૨૦૦ml |
| મંગળવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – દુધ ૨૦૦ml<br>૨ રાજકોટના મખમલી ખાખરા, કેળા પૌંઆ, સફરજન, વઢવાણી મરચા |
| | બપોરે જમવામાં | ચોખાની રોટલી – ભીંડા મસાલા, વાલ કઠોળ, મગની ફોતરાવાળી દાળ,<br>મસાલા ભાત, સાળેવડા, પપૈયાની છીણ, કેરીકડકો, સુવા |
| | ૪ વાગે | ચણા (૨૫ ગ્રામ) ગુલાબ સરબત વધુમાં વધુ ૪૦૦ml |
| | ચોવીહાર | બીસ્કીટ ભાખરી – બેસન – ચોખાની ઘેંસ – મસાલાપૂરી – પીંપરામુળ દુધ ૨૦૦ml |
| બુધવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – દુધ ૨૦૦ml<br>૨–ભાભરના ભાખરા, વડીનું શાક, સીંગ ચટણી, ચીકુ–૨ |
| | બપોરે જમવામાં | બાજરીના રોટલા–કાકડીનું શાક<br>બ્રાહ્મીની ચટણી, મટકી–કઠોળ, પંચકુટી દાળ, ગોળ, ગુંદા,<br>ઘી જીરા રાઇસ, અડદના પાપડ, શેકેલા તલ |
| | ૪ વાગે | ટોપરૂ–સાકરીયા–કોકમ સરબત Max. ૪૦૦ml |
| | ચોવિહાર | દાળ ઢોકળી, પીળી ખીચડી, મીઠી કઢી<br>કેળાની વેફર, પીંપરામુળ દુધ |
| ગુરૂવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – લીંબુ સરબત<br>૨ સાદા ખાખરા – મગ – મેથીસંભારો – સંતરા |
| | બપોરે જમવામાં | જુવારના રોટલા, મીક્ષ વેજીટેબલ કઠોળ – તડકા દાળ<br>ખાટુ અથાણું – લાલ ભાત – કુંઢો પાપડ – ધાણાની દાળ |
| | ૪ વાગે | સુખડી – ભીંડી સરબત ૪૦૦ml |
| | ચોવિહાર | થેપલા, જાવરૂ, મમરા, પીંપરામુળ દુધ |
| શુક્રવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – ૨૦૦ml દુધ<br>૨ બાજરીના ખાખરા – મોગેરદાળ, દાડમ |
| | બપોરે જમવામાં | નાચણીના રોટલી – ગવાર ઢોકળી<br>વાલ કઠોળ – મસુર દાળ – આંબળાનો મુરબ્બો – ભાત – પાપડ –<br>ખાટા આંબળા – ફૂદીના ચટણી<br>મમરાની ચીક્કી–ખસ સરબત |
| | ચોવિહાર | છોલે ભટુરે – દાળવુ<br>ગાંઠીયા – પીંપરામુળ દુધ |

| | | |
|---|---|---|
| શનિવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – દૂધ ૨૦૦ml |
| | | અમૃતી – પાપડી – મુંગડી (૨) પપૈયા મરચાં – મોસંબી |
| | બપોરે જમવામાં | પૂરણપોળી – ટીંડોડા ફ્રાય |
| | | ચોળા – અડદની દાળ – ભાત – લીજ્જત પાપડ |
| | | કચુંબર – અજમો શેકેલો |
| | ૪ વાગે | નાનખટાઇ – નારીયેળ પાણી-૧ |
| | ચોવિહાર | પરાઠા–ભાજી (પાવભાજીવાળી), ખડા પુલાવ, ચોખાની ધાણી, પીંપરામુળ દૂધ |
| રવિવાર | સવારના નાસ્તો | સુંઠ પીંપરામુળ ગોળી – દૂધ સેવ ખમણી ચોખાના ખાખરા (૨) પપૈયુ |
| | બપોરે જમવામાં | ઘીમાં તળેલી પૂરી |
| | | (કોઇ પણ એક વારા ફરતી) |
| | | દૂધપાક/રબડી/ફ્રુટસલાડ/સેવયા દૂધ/અંગુરરબડી, |
| | | મગની દાળના ભજીયા/કટલેસ/કચોરી/સમોસા/કેળાવડા, ઢોકળા |
| | | ગ્રીન ગુજરાતી શાક – વેજીટેબલ ભાત – કઢી – મસાલા પાપડ |
| | | કચુંબર – ચટણી – આચાર |
| | | ગુલકંદ પાન |
| | સાંજે | સેવપુરી–પાણીપુરી–ભેળપુરી/ઢોસા/ઉત્તપા/ઇડલી/ |
| | | મેંદુવડા/મગની દાળના પુડલા/પનોળી/ |
| | | પીંપરામૂળ દૂધ |

- રોજ બપોરે જમ્યા પછી ૨૦૦ml છાસ, મીઠુ–જીરૂ નાંખીને આપવી.
  જમવાનુ, ઓછા તેલ મસાલા વાળુ બનાવવું –ઓછુ તીખુ બનાવવું.
- ગોળ રોજ બપોરે આપી શકાય.
- તેલ તલનું બળદઘાણીમાં કાઢેલું વાપરવું.
- તમામ અનાજ–શાક–કઠોળ Organic જ વાપરવા.
- જ્યારે પણ જે Seasonal Fruit મળે તે સવારે આપવું.
- પાણી ફરજીયાત દરેકને ઉકાળેલું આપવું.
- દરેક રૂમમાં માટલુ ઢાંકણું, પાણી ભરીને આપવું. (ડોળીયાથી માટલા લાવવા)
- સવારના દુધમાં ચા મસાલો અને લીલી પત્તી નાંખવી.
- પાંચ તીથી લીલોતરી સંપુર્ણ ત્યાગ કરવો.
- ઘી ગાયનું વલોણાનું ચોખ્ખું વાપરવું.
- કેરીની સીઝનમાં કેરીનો રસ આપવાની બદલે સવારે એક કેરી આપવી.

# જુની બોર્ડીંગમાં સુધારા કરવાના મુદ્દા

રસોડુ
પગ લુછણીયા – ૪ સારા
ટાઈલ્સ બદલવી, ૧x૧ મીટર
રંગરોગાન
જુના ભંગારની જરૂર ન હોય તો કાઢી નાંખવું.
વાસણો : તાંબા–પીતળ–કાંસાના કરી દેવા.
રસોડાનું રીનોવેશન Hygenic રસોઇ બને તેવી ગોઠવણ
પીરસાણીયા
Dress Code for all Staff
થાળી ધોઇને પીવાની ગોઠવણ
માટલા – પાણી ઉકાળેલું
મેનુ – સારૂ – પોષક – આયુર્વેદ આધારીત

## બાથરૂમ - Toilet

Complete Renovation
નળને કોથળી
Accessories
સાબુ
કાંસકો – તેલ
આરીસો
પીત્તળની ડોળ – વાડકો

## રૂમ Renovation

કબાટ – પલંગ
મચ્છરદાણીના Stand પલંગને નાખવા
ગાદી પતળી કરવી
૨ ચાદર
રગ
ચોરસો
ઓશીકું
રૂમમાં અરીસો
રૂમ Tiles Change or ઘસાવવી
પગલુછણીયા
ખુરસી

## Expert Pannel

ગિરીશ શાહ, સંજય વોરા
રમેશ મામા, નીલેશ રાણાવત
દેવેન્દ્ર જૈન, અનીલ દાદર
હીરાભાઇ મલાડ, દીપકભાઇ ઉઝા
પ્રફુલભાઇ દાદર

બાળકને આપવા
પૂજાના કપડા – અષ્ટપ્રકારી પૂજા સામાન
સામાયિકના કપડા
૭ જોડી કપડા – ટોવેલ
સ્કુલ ડ્રેસ – ૨ જોડી
સ્કુલ બેગ – પુસ્તક – નોટબુક – કંપાસ – ડ્રોઈંગ બુક – કલર

## Files

બેગ – બગલથેલો
કાંસાના ભાણાનો સેટ – નેપકીન –
ટીફીનબોક્સ – તાંબાનો લોટો ગ્લાસ
સ્કુલ ફી
હોસ્ટેલ ફી

## Overall

લાઇબ્રેરી
કોમ્પ્યુટર રૂમ, યોગ, કરાટે, સ્કેટીંગ, સંગીત, હસ્તલેખન
ડ્રોઇંગ ટીચર
કપડા ધોવા–સુકવવા–ઇસ્ત્રી
ધાર્મિક અભ્યાસ
વાળ દર મહિને કપાવવા
સુચના પેટી–Compaint Box
કચરા પેટી
ટેબલ ટેનીસ, ક્રિકેટ, બેડમીંટન, ચેસ, કેરમ
Medical Check Up
Insurance
કોઠાર
Campus Cleanness
માણસો માટેના સંડાસ – બાથરૂમ વોશબેસીન
સ્ટાફ પગારપત્ર
નાળીયરી
કોલેજના બાળકોને એડમીશન આપવું.
PT
સવાર સાંજ ફીનાઇલ પોતા
ધૂપ
સ્ટાફ જીવન જરૂરીયાત
સ્ટાફ ડ્રેસ કોડ

# જુની જૈન બોર્ડિંગના સંચાલકોએ
# ''તપોવન સંસ્કારધામ''ની રાહે ચાલવા જેવું છે....

* જૈન બોર્ડિંગના ટ્રસ્ટીઓ સંપૂર્ણ સંચાલનની જવાબદારી તપોવન સંસ્કારધામની જેમ સંભાળે તથા. તેમાં આર્થિક વ્યવસ્થા પણ વિચારીને ગોઠવવી.
* વિદ્યાર્થીપાસે પણ દર વર્ષની ફી પ્રમાણસર લેવી.
* આખુ સંચાલન કરવા માટે એક વ્યક્તિ વ્યવસ્થિત ગોઠવવો. જેને અષ્ટપ્રકારી સામૂહિક પૂજા તથા આરતી-ભાવના આવડે તેવો રાખવો.
* ૧ પંડિતજી ગાથા વગેરે માટે ગોઠવવા. સુત્રની શુદ્ધિ તથા રોજની ૨ ગાથા કરાવવી. વધુ સારી ગાથા કરી આપે તેવો વિભાગ અલગ કરવો.
* અઠવાડિયામાં ધાર્મિક શિક્ષણ વાંચનાનો પાઠ ગોઠવે જેથી જનરલ નોલેજ મળી રહે.
* જુદી જુદી સ્પર્ધા અને કાર્યક્રમ વડે રવિવારનો દિવસ વધુ સારો ઉજવવો. માનવપ્રેમ, પશુપ્રેમ, વનસ્પતિપ્રેમ, શ્રમપ્રેમ રાખવા.
* કપડા ધોવાની વ્યવસ્થા કરી આપવી.
* જુદી જુદી સમિતિઓ બનાવવી જેમકે દેરાસર, ભોજનશાળા, ભાવના, સંગીત, કસરત, વાંચનાલય, સામાયિક શિસ્ત.
* રવિવારે સારા સદ્‌વિચારને આપે તેવા વક્તાને બોલાવવા.
* વકતવ્યની ખાસ પ્રેકટીસ કરાવવી જેથી બોર્ડિંગનો બાળક જ્યાં જાય ત્યાં આગવી છાપ ઉભી કરે.
* કુટુંબમેળો દર રવિવારે ગોઠવવા જેથી બાળકોની શક્તિઓ બહાર આવે.
* સંસ્થાનો રિપોર્ટ તૈયાર કરી ડોનર અને માતા-પિતાને મોકલવો.
* દરેક બાળકનો વિકાસ અંગે માહિતી દર મહિને તૈયાર કરવી
* નિશાળ બહાર જાય તો તેની ઉપર બહારના વિદ્યાર્થીની ખરાબ છાપ ન પડે તેની કાળજી કરવી. બને તો સહશિક્ષણની સ્કુલોમાં મોકલવા નહિ.
* બધા એકબીજાને ભાઇ અને ''તમે'' કહીને બોલાવે તેવું ગોઠવવું.

* શૈક્ષણિક ધોરણ ઉપર લાવવા માટે ટ્યુશનોની વ્યવસ્થા ખાસ ગોઠવવી.
* બહારના મેગેઝીન વાંચન માટે વ્યવસ્થા ગોઠવવી.
* દર મહિને જુદા જુદા ઇનામો કોઇના દ્વારા અપાવી બાળકોને ઉલ્લાસિત કરવા. બાળકોની રકમ C.C. એકાઉન્ટમાં રાખવી.
* વાતાવરણ રમણીય બનાવવું જેથી બાળકોને સહજ સારા બનવાની ઇચ્છા થાય તેવું કરવું.
* સંગીત-કોમ્પ્યુટર-સ્કેટીંગ વગેરે શિખવવું.
* ગાયના દુધની વ્યવસ્થા કરવી.
* રોજ સવારે કસરત અને આસનો કરાવવા.
* જૂના વિદ્યાર્થીજે તોફાની હોય તેને આઉટ કરવા.
* સ્કોલરશીપ આદિની પણ ગોઠવણ કરવી.
* જેની સ્થિતિ ન હોય તેને હાફ પેઈંગ અથવા સંપૂર્ણ ફ્રી તરીકે પણ ગોઠવી શકાય.
* જૂના વિદ્યાર્થીને વર્ષમાં એકવાર આમંત્રણ આપીને બોલાવવા.
* મહિને ૧ વાર કે ૨ વાર ચૈત્યપરિપાટી કાઢવી.
* ગ્રામ પ્રવાસાદિ પણ બાળકો પાસે કઢાવવા જેથી બોર્ડિંગનો પ્રચાર થાય.
* આખા દિવસનો કાર્યક્રમ તે તે બોર્ડિંગને અનુલક્ષીને બનાવવો.
* સવારની પૂજા અને સાંજની આરતીમાં હાજરી નિયમિત રહે તેની ગોઠવણ કરવી તથા રોજનું ૧ સામાયિક કરવુ.
* સાંજે પ્રતિક્રમણ કરાવી શકાય.
* ધર્મ અને સંસ્કૃતિની કેસેટો મળે તો બતાવવી.
* વિદ્યાર્થીપાસેથી વિનય-વિવેકની અપેક્ષા રાખવી.
* રોજ પ્રાર્થના (શાસનવંદના) કરાવવી. (વધુ તોફાની વિદ્યાર્થીને જાહેરમાં સજા કરવી, આવા વિદ્યાર્થીને રખાય જ નહીં.

# સાધર્મિક સંતાન દત્તક યોજના

## લાભાંતરાય કર્મના ઉદયે આર્થિક સંક્રામણ અનુભવતા સાધર્મિકોના દીકરા-દીકરીઓની કેળવણી માટેની વિશિષ્ટ યોજના

જૈન કુળમાં જન્મ પામેલા એવા હજારો પરિવારો છે, જેઓ લાભાંતરાય કર્મના ઉદયે પોતાનું ગુજરાન માંડ માંડ ચલાવે છે અને જેમને લાચારીવશ હાથલાંબો કરવાની ફરજ પડે છે. એકલા મુંબઈ શહેરમાં જ સાધર્મિક રાહતના કાર્ડ ઉપર અનાજ લેતાં આશરે ૧૮૦૦ પરિવારો છે. સુરતમાં આવા કમભાગી ૧૭૦૦ પરિવારો છે તો અમદાવાદમાં આવા ૨૭૦૦ પરિવારો છે. અન્ય શહેરોમાં અને ગામડાઓમાં રહેતાં સીદાતા સાધર્મિક પરિવારોને ગણતરીમાં લઈએ તો કુલ સંખ્યા ૧૦૦૦ ઉપર પહોંચી જાય તેમ છે. આ પરિવારો આ મોંઘવારીના કાળમાં પણ બે કે ત્રણ હજાર રૂપિયાની નોકરીમાં પોતાનું ગુજરાન ચલાવે છે અને ઘણા પરિવારો મની ઓર્ડર ઉપર પણ જીવે છે.

જે સાધર્મિકો પોતાનું બે ટંકનું ભોજન પણ સહેલાઈથી પ્રાપ્ત ન કરી શકતા હોય તેઓ પોતાના સંતાનોના શિક્ષણની અને સંસ્કરણની યોગ્ય વ્યવસ્થા કેવી રીતે કરી શકે ? આજના કાળમાં વ્યવહારિક શિક્ષણ અત્યંત ખર્ચાળ બન્યું છે. યોગ્ય ખર્ચ કર્યા વિના ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી મળતું, જેના અભાવે બાળકો કારકિર્દીમાં પણ પાછળ રહી જાય છે. આ બાળકોનાં માબાપ પાસે સ્કૂલની ફી ઉપરાંત યુનિફોર્મ, પાઠ્ય પુસ્તકો, એક્સરસાઈઝ બુકો, શૈક્ષણિક ઉપકરણો વગેરે માટે પણ પૈસા હોતા નથી. બાળકને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં કુશળ બનાવવા માટે પણ તેમની પાસે ભંડોળ નથી હોતું. એટલે સંસ્કરણમાં કચાશ રહી જાય છે.

આ પ્રકારની કફોડી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા સાધર્મિકોના સંતાનો શિક્ષણમાં અને સંસ્કરણમાં જરાય પાછળ ન રહી જાય તે માટેની અનોખી યોજના અમે ઘડી કાઢી છે. આવા સંતાનોના શિક્ષણ અને સંસ્કરણની ઉત્તમ નિઃશુલ્ક વ્યવસ્થા કડી કન્યા છાત્રાલયમાં અને બોરડી ગુરુકુળમાં ગોઠવવામાં આવી છે. આ સંસ્થાઓમાં પ્રવેશ મેળવતાં દીકરા-દીકરીઓને શિક્ષણ ઉપરાંત આવાસ, ભોજન, તબીબી વગેરે તમામ વ્યવસ્થા આપવામાં આવે છે.

આ માટે એક દીકરો અથવા દીકરીને એક વર્ષ માટે દત્તક લેવાનો ખર્ચ માત્ર ૨૫,૦૦૦ રૂપિયા આવે છે. વર્ષે માત્ર ૨૫,૦૦૦ રૂપિયાનું દાન આપીને આપ એક સાધર્મિક સંતાનના વાલી અને ઉદ્ધારક બની શકો છો. વર્તમાનમાં કડી કન્યા છાત્રાલયમાં ૧૦૮ દીકરીઓ અને બોરડી ગુરુકુળમાં ૫૦ દીકરાઓ આ રીતે સંસ્કાર સાથે શિક્ષણ ગ્રહણ કરી રહ્યા છે. અમારી ભાવના આ પ્રકારે ૧,૦૦૦ સાધર્મિક સંતાનોને દત્તક લઈને તેમના જીવનનો ઉદ્ધાર કરવાની છે. આપશ્રીને દીકરા/દીકરી દીઠ ૨૫,૦૦૦ રૂપિયાનું દાન આપીને વધુમાં વધુ દીકરા અથવા દીકરીના તારણહાર બનવા નમ્ર અનુરોધ છે.

લિ. સમસ્ત મહાજન

*સ્વામી તણા સગપણતણું, અવર ન સગપણ કોઈ*
*ભક્તિ કરો સ્વામી તણી, સમકિત નિર્મળ હોય*

**૨૫,૦૦૦ રૂપિયા આપીને એક સાધર્મિકના સમુદ્ધારક બનો**

**આપનો ચેક/ડ્રાફ્ટ ''સમસ્ત મહાજન''ના નામે મોકલશો.**

સંપર્ક

સમસ્ત મહાજન
૩૦૭, રાજશિલા બિલ્ડિંગ,
૫૯૭, જે.એસ.એસ રોડ, ચીરા બજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોનઃ ૨૨૦૬૦૩૯૦ / ૯૮૨૦૦ ૨૦૯૭૬

સમસ્ત મહાજન
૪, સાનિધ્ય બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
સન્યાસ આશ્રમ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૯.